# અક્રમ યુથ

ડિસેમ્બર ૨૦૨૦ ગુજરાતી દાદા ભગવાન પરિવાર ₹ 20

## રામાયણ ફોર યુથ

ભાગ - 3



# અનુક્રમણીકા

04 વિભીષણ જળકમળવત્

06 અંગદનો દ્રઢ નિશ્ચય

08 જ્ઞાની વિથ યુથ - *કૈકેયી અને મંથરા*

10 **Q & A -** *પ્રાણ જાય પણ વચન ન જાય*

14 કૉઝ એન્ડ ઈફેક્ટ - *શ્રી રામ અને રાજા સુગ્રીવ*

16 દાદાશ્રીના પુસ્તકની ઝલક - *રાજા જનક વિદેહી*

18 રામાયણના પાત્રોના ગુણો

23 #કવિતા

વર્ષ: ૮, અંક : ૮
સળંગ અંક : ૯૨
ડિસેમ્બર ૨૦૨૦

**સંપર્ક સૂત્ર :**
જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦

email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org
store.dadabhagwan.org/akram-youth

**તંત્રી - ડિમ્પલ મહેતા**

Printer & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

**Owned by :** Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

**Published at :** Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gndhinagar

Printed at : Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025. Gujarat.
Total 24 Pages with Cover page

**Subscription**
Yearly Subscription
India :200 Rupees
USA: 15 Dollars
UK: 12 Pounds
5 Years Subscription
India : 800 Rupees
USA: 60 Dollars
UK: 50 Pounds
In India, D.D. / M.O. should be drawn
in favour of "Mahavideh Foundation"
payable at Ahmedabad.

© 2020, Dada Bhagwan Foundation.
All Rights Reserved



# સંપાદકીય

**મિત્રો, તમે જાણો છો ? સંસ્કૃત ભાષામાં ૨૪૦૦૦ શ્લોક દ્વારા રચવામાં આવેલ 'રામાયણ મહાકાવ્ય'ની ગણના સાહિત્ય વિશ્વના સૌથી મોટા પ્રાચીન મહાકાવ્યોમાં થાય છે.**

રામાયણની કથા ફક્ત હિંદુ ધર્મ કે આજના ભારત દેશ પુરતી મર્યાદિત ન રહેતા ઈન્ડોનેશિયા, મલેશિયા, થાઈલેન્ડ, કમ્બોડીયા, ફીલીપાઈન્સ, વિયેતનામ વગેરે દેશોમાં પણ પ્રચલિત છે. સમગ્ર માનવ જાતિને માર્ગદર્શક બને એ હેતુથી, વાલ્મિકી ઋષિએ આજથી હજારો વર્ષ પહેલા ભારતીય સંસ્કૃતિના આ ઐતિહાસિક ગ્રંથની રચના કરી હતી. આજે પણ ભારતીય જીવનશૈલી, સમાજવ્યવસ્થા અને કૌટુંબિક જીવન પર રામાયણનો બહુ મોટો પ્રભાવ છે. દરેક આદર્શ પતિ-પત્નીને રામ-સીતા સાથે, પુત્રને રામ સાથે, ભાઈને લક્ષ્મણ કે ભરત સાથે અને મિત્રને સુગ્રીવ સાથે સરખાવવામાં આવે છે. રામાયણનું દરેક પાત્ર સમાજ માટે આદર્શપાત્ર બની રહે છે.

જેમ આપ સહુ જાણો જ છો, આ આપણો અક્રમ યુથની રામાયણ શ્રેણીનો ત્રીજો અને છેલ્લો અંક છે. આવા મોટા ગ્રંથનો સારાંશ ફક્ત ત્રણ અંકોમાં સમાવવાનો પ્રયાસ એ સાગરને ગાગરમાં સમાવવા જેવું કઠિન છે. તેમ છતાં આ પ્રયાસ, આપણા પૌરાણિક ગ્રંથ થકી યુવાન ભાઈઓ-બહેનોને બોધ પ્રાપ્ત કરવાનો સુવર્ણ અવસર પૂરો પાડશે એવો મને દ્રઢ વિશ્વાસ છે.

- ડિમ્પલ મહેતા

*નોંધ: *પ્રસ્તુત અંકમાં રજૂ કરાયેલા રામાયણના પ્રસંગો વિવિધ શાસ્ત્રો અને ગ્રંથોમાં ઉપલબ્ધ માહિતીના આધારે સંકલિત કરવામાં આવ્યા છે અને તેનો એકમેવ હેતુ આજનો યુવા વર્ગ તેમાંથી સાચી શીખ મેળવે તે જ છે.*

# વિભીષણ
## જળકમળવત્



**લંકા નગરીમાં રહેતા રાવણના પરિવારમાં વિભીષણ અને કુંભકર્ણના નામ આપણે ખૂબ સાંભળ્યા છે, પણ વિભીષણને તેમની શ્રી રામ પ્રત્યેની અનન્ય ભક્તિને કારણે આજે પણ રામભક્તો વિશેષરૂપે યાદ કરે છે. ચાલો, જઈએ હનુમાનજી સાથે લંકા નગરી....**

સોનાની લંકા નગરી કે જ્યાં મહાભયંકર દુષ્ટ રાક્ષસો રહેતા, નિરંતર માંસ અને મદિરાનું સેવન કરતા અને તેમાંના કેટલાક તો નરભક્ષી પણ હતા. જેઓ માયાવી તંત્ર ,મંત્ર અને આસુરી વિદ્યાઓ સિદ્ધ કરીને તેનો દુરુપયોગ કરતા અને નિર્દોષ લોકો તથા ઋષિમુનિઓને સતત રંજાડતા.

આવી લંકા નગરીમાં રાવણ, માતા સીતાને લઈ આવ્યા છે અને સીતા માતાની શોધ માટે હનુમાનજી ગુપ્તવેશે લંકામાં પ્રવેશ્યા અને સીતા માતાના સમાચાર કોની પાસેથી મળશે, એવી ચિંતામાં હનુમાનજી લઘુવેશે નગરમાં વિચરી રહ્યા હતા.

રાક્ષસોની નગરીમાં એક એવું ઘર તેમની નજરે પડ્યું, કે જેમાં એક હરિમંદિર બનાવેલું હતું, મંદિર પર રામના નામનું ચિહ્ન હતું, જેની શોભા અવર્ણનીય હતી. ત્યાં આસપાસ તુલસીના રોપા વાવેલા હતા. એ ઘરને જોઈ હનુમાનજી ખૂબ રાજી થયા અને સુખદ્ આશ્ચર્ય સાથે વિચારવા લાગ્યા કે અનેક રાક્ષસોથી ભરેલી આ લંકા નગરીમાં આવા રામભક્તનો નિવાસ ક્યાંથી ? આ કોઈ કપટ કે માયા તો નહિ હોય ને ? આમ તર્ક કરતા હતા, તે જ સમયે વિભીષણ નિંદ્રામાંથી જાગ્યા અને શ્રી રામના નામનું પ્રાત:સ્મરણ કરવા લાગ્યા. એમને સજ્જન પુરુષ જાણી હનુમાનજી પ્રસન્ન થયા અને વિભીષણને મળ્યા. પોતાનો પરિચય આપ્યો અને તેમનું લંકા



હે પવનકુમાર ! જેમ દાંતોની વચ્ચે બિચારી જીભની સ્થિતિ હોય છે, તેવી જ આ દુષ્ટ રાક્ષસોની વચ્ચે મારી સ્થિતિ છે !

નગરી આવવાનું પ્રયોજન જણાવ્યું. વિભીષણ પોતાના મહાભાગ્ય માનીને તેમનું પ્રેમથી સ્વાગત કરે છે અને કહ્યું, ''હું રાક્ષસકુળમાં જન્મ્યો તો છું, પણ સતત શ્રી રામ સ્મરણમાં રહું છે. તમારા આગમનથી હવે મને ખાતરી થઈ છે કે શ્રીરામ મને અનાથ જાણીને મારા ઉપર કૃપા કરશે જ.''

લંકા નગરીનું નિરીક્ષણ કરી હનુમાનજી, શ્રી રામ પાસે પાછા પહોંચ્યા ત્યારે વિભીષણથી ખૂબ પ્રભાવિત હતા. *જે રીતે ગંદકીવાળા તળાવમાં ઉગવા છતાં કમળ સુંદર હોય છે, તેવી જ રીતે દુષ્ટ રાક્ષસોની વચ્ચે રહીને પણ વિભીષણ નિરંતર શ્રી રામની અનન્ય ભક્તિમાં જળકમળવત્ હતા.* હનુમાનજીએ શ્રી રામને વિભીષણની મનોસ્થિતિ અને એમના પ્રત્યેની અનહદ ભક્તિ વિશે જણાવ્યું. તે જાણીને શ્રી રામ ખૂબ પ્રસન્ન થયા અને મનોમન તેમની વિભીષણ પ્રત્યે વિશેષ કૃપાદ્રષ્ટિ ઉતરી.

આજે આપણે પણ નક્કી કરીએ કે આપણી આસપાસના કુસંગ, વિષયવિકાર, અનીતિ, અપ્રમાણિકતા અને બીજા અવગુણોથી ભરેલા પીયર પ્રેશરના વાતાવરણનો પ્રભાવ આપણા નિશ્ચય અને પુરુષાર્થ પર ક્યારેય ન પડવા દઈએ. વિભીષણની જેમ જળકમળવત્ રહીએ અને આપણા સદાચાર, પ્રામાણિકતા, પ્યોરિટી જેવા સદ્ગુણોને જાળવી રાખવાના પુરુષાર્થમાં રહીએ.

જ્ઞાનીની કૃપાને પાત્ર બનીને આપણી આધ્યાત્મિક પ્રગતિને સુનિશ્ચિત કરીએ.

**આ કળીકાળમાંય આપણા દાદાશ્રી કહેતા,**

## "જો તું પ્યોર છે, તો મારી ગેરંટી કે તારો વાળ વાંકો નહિ થાય"




# અંગદનો દ્રઢ નિશ્ચય

**રામાયણમાં રાવણ સાથેના યુદ્ધ પૂર્વે, શ્રી રામે યુદ્ધ અટકાવવાના અંતિમ પ્રયાસરૂપે અંગદને શાંતિદૂત તરીકે લંકામાં જઈને રાવણને સંદેશો આપવા જણાવ્યું.**


અંગદે કુશળતાપૂર્વક શ્રી રામનો શાંતિનો સંદેશો જણાવ્યો. રાવણ, અહંકાર અને મોહવશ હોવાથી આ વાતોને ગંભીરતાથી લેવાને બદલે રામ વિશે આડુંઅવળું બોલવા લાગ્યા, જેથી રોષે ભરાયેલ અંગદે અંતિમ ઉપાયરૂપે બળનું પ્રદર્શન કરવાનું નક્કી કર્યું.

તેમણે મનોમન શ્રી રામના પ્રતાપનું સ્મરણ કર્યું અને સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે ભરી સભામાં અડગભાવે પગ પછાડીને સર્વ રાક્ષસોને ખુલ્લી ચેલેન્જ કરી કે ''જો કોઈપણ રાક્ષસ, મારા આ પગને પૃથ્વી ઉપરથી ઉઠાવશે, તો શ્રી રામ પોતાનો પરાજય સ્વીકારશે અને સીતાજીને લીધા વિના પાછા ફરી જશે.'' અચાનક સારી તક મળી ગઈ, એમ માની તરત જ રાવણે સર્વ રાક્ષસી યોદ્ધાઓને આદેશ કર્યો કે ''આ તુચ્છ વાનરને તેનો પગ પકડીને ધરતી પર પછાડી દો !'' આ સાંભળી સભામાં બિરાજેલા, ઈંદ્રજિત સહિત અનેક બળવાન યોદ્ધાઓ અને રાક્ષસો ગર્વભેર જ્યાં ત્યાંથી ઉભા થયા, સઘળું બળ વાપરીને, મોટા મોટા

ઉપાયો કરીને અંગદના પગને ઉઠાવવા માટે મહેનત કરવા લાગ્યા, પણ કોઈ યોદ્ધા અચલ-અડગ અંગદના નિશ્ચયને અને મજબૂત મનોબળ સાથે સ્થાપેલા તેમના પગને સહેજ પણ ડગાવી ન શક્યા. સૌને, શરમના માર્યા પોતાના માથા નીચા કરીને, પોતાના સ્થાન પર પાછા ફરવાની ફરજ પડી.



**જે રીતે અંગદના નિશ્ચયબળના પ્રભાવથી મોટા મોટા રાક્ષસી યોદ્ધાઓ પણ હૃદયથી હારી જતા, તે જ રીતે આપણા ધ્યેય અને કરેલા નિશ્ચયને કોઈ સંજોગો કે પરિસ્થિતિ ડગાવી ન શકે તેવા મનના મક્કમ બનીએ, દ્રઢ નિશ્ચયી બનીએ.**


જ્ઞાની વિથ યુથ

# રામાયણનું નિમિત્ત, કૈકેયી અને મંથરા ?



**પ્રશ્નકર્તા :** પૂજ્યશ્રી, હમણાં આ લોકડાઉનમાં રામાયણની બૂક વાંચી હતી. એમાં એવું લાગ્યું કે કૈકેયી અને મંથરા રામાયણનું એક મોટું નિમિત્ત બની ગયા. અમે એમના જીવનમાંથી કઈ શીખ લઈ શકીએ ?

**પૂજ્યશ્રી :** હા, એ બરોબર છે, બોધ લેવાય, પણ ખરેખર સમજીએ ને તો કૈકેયી અને મંથરા નિમિત્ત બન્યા બિચારા ! બાકી, રામચંદ્રજીના કર્મોનો હિસાબ હતો, સીતાજીનો કર્મોનો હિસાબ હતો, રાવણના કર્મોનો હિસાબ હતો, લક્ષ્મણજીના કર્મોનો પણ હિસાબ હતો. કર્મના હિસાબે કોઈક નિમિત્ત બની જાય. કોઈનો ખરેખર દોષ નથી. કૈકેયી અને મંથરાને ગુનેગાર જોવા જેવા નથી. છતાં બોધ લેવો હોય તો લેવાય કે કોઈની ચાડીચુગલી, કોઈના નેગેટિવ કે એવું બધું કરવું નહીં. પોતાના લાભ માટે કોઈકને નુકસાન થાય એવું ન કરવું, એવો આપણો ભાવ રાખવો.

**પૂજ્યશ્રી :** બે બહેનપણી ભેગી થઈને પાછું ત્રીજાનું બોલો ખરા ? શું બોલો ? સારું બોલો કે કંઈક નેગેટિવ બોલો ?

**પ્રશ્નકર્તા :** સારું.

**પૂજ્યશ્રી :** સારું. આ સાચી વાત છે ?

**પ્રશ્નકર્તા :** હા.

**પૂજ્યશ્રી :** એટલું ધ્યાન રાખવાનું કે ભઈ, બે વ્યક્તિ ભેગી થઈ, ત્રીજાનું ચટણી વાટવાની નહીં. હા, બોલવું હોય તો પોઝિટિવ બોલો, નેગેટિવ ન બોલાય. નહીં તો આ બુદ્ધિ હંમેશાં કમ્પેરિઝન કરે, અમારું સારું, પેલા આવું કરે. અમારે ઈન્ડિયાવાળા ને આ ફોરેનવાળા, પછી કહેશે આ અમારા ગુજરાતવાળા ને આ હિન્દી ભાષી. પછી કહેશે અમે મુંબઈવાળા ને આ ગુજરાતવાળા. પછી કહેશે અમે સુરતવાળા ને આ વડોદરાવાળા. બુદ્ધિ જુદું પાડ્યા જ કરે. અમે સીમંધર સીટીવાળા ને આ ગામડાવાળા કહેશે.

બધું જાત જાતનું, બુદ્ધિ હંમેશા ભેદ પાડે, કમ્પેરિઝન કરી પછી આગળ વધે. એ લોકો કરતાં અમે ઊંચા, અમારો ધર્મ ઊંચો, અમે ઊંચા, અમારું ખાનદાન ઊંચું, પેલા લોકોનું નીચું. પછી આનંદમાં રહે, બીજાને નીચા પાડી પછી સુખી થાય.




# રઘુકુળ રીત સદા ચલી આઈ, પ્રાણ જાય પણ વચન ન જાય


**પ્રશ્નકર્તા :** કોઈને વચન આપ્યું હોય તે પાળીએ તો એના ફાયદા શું ? અને વચન આપ્યું હોય તે ન પાળીએ તો શું નુકસાન ?

**આપ્તપુત્ર :** ''રઘુકુળ રીત સદા ચલી આઈ, પ્રાણ જાય પણ વચન ન જાય'' આ શ્રી રામ ભગવાન વખતનું પ્રચલિત છે, કે પોતે કોઈ વચન આપ્યું હોય, એના માટે પોતે મરી જાય, પણ એ વચન પૂરુ કરે. આવું કરવાથી શું થાય ? લોકોને અપાર વિશ્વાસ ઉભો થાય.

આપણે રૂટિન લાઈફમાં જોઈશું ને તો જે વ્યક્તિએ, પોતે જે કઈ કીધું છે એ પ્રમાણે કરતો હોય, એના પર જ આપણને વિશ્વાસ આવે. દા.ત. કોઈ ઓફિસ હોય અને એમાં જે પ્યુન હોય, એ કહે કે હું રોજ સવારે ૯ વાગે આવીશ અને નિયમિત ૯ વાગે આવી જાય તો આપણને એના માટે વિશ્વાસ આવતો જાય. પણ અગર એવું કહે કે હું ૯ વાગે આવીશ અને ૯:૩૦ - ૧૦:૦૦ વાગે આવે તો વિશ્વાસ આવે ? આવું જ બધા ફ્રેન્ડ્સ માટે, ટીચર માટે, મમ્મી-પપ્પા માટે કે જે પણ લોકો પોતે કહે એના ઉપર ખરા રહે, એની ઉપર જ આપણને વધુ વિશ્વાસ આવતો હોય છે, બરાબર ને ?

એટલે આ ''રઘુકુળ રીત'' ની બહુ ઊંચી વાત છે અને એવું જો આપણે કરી શકીએ તો જ વિશ્વાસ બેસે.






એક બીજું ઉદાહરણ આપું - આપણા પપ્પા, આપણને કહે કે આ રવિવારે બાઈક અપાવીશ પણ એ રવિવારે ન અપાવે અને પછી બે મહિના જતા રહે તો આપણને એમના પર વિશ્વાસ રહે ખરો ? ન રહે ! એવી જ રીતે જો આપણે માતા-પિતાને કીધું હોય કે હું ૯૦% રિઝલ્ટ લાવીશ અને પછી તમે પૂરતી મહેનત ન કરો અને ૮૫% લાવો તો પપ્પા-મમ્મીને વિશ્વાસ રહે ખરો ? એટલે કોઈનો પણ વિશ્વાસ સંપાદન કરવો હોય તો હંમેશાં પોતે પ્રોમિસ કહ્યું છે, એ પ્રમાણે પાળવું. એ નોર્મલ વ્યવહારિક વાત છે. જો તમે પોતાનું પ્રોમિસ નહીં પાળી શકો તો લોકોને તમારા પ્રત્યે વિશ્વાસ નહીં રહે અને તમને પણ પ્રોમિસ ન પાળતા હોય તેવા લોકો પ્રત્યે વિશ્વાસ નહીં આવે. આ ‘‘રઘુકુળ રીત’’માં રામ ભગવાન તેની એક્સ્ટ્રીમીટી હતા.



**આપણે બે વસ્તુ રાખવી...**

**એક તો, આપેલું વચન પાળવું. બીજું જો આપણાથી કદાચ ન પાળી શકાય એવું લાગતું હોય, તો પણ ૧૦૦% ભાવ તો એવો જ રાખવો કે જે મેં કીધું છે એ પ્રમાણે મારે કરવું જ છે. તમારો ભાવ હશે તો લોકો એક્સેપ્ટ કરશે જ અને વિશ્વાસ જરૂરથી રાખશે.**



# કૉઝ એન્ડ ઇફેક્ટ



## ઋણાનુબંધના સંબંધો - શ્રી રામ અને રાજા સુગ્રીવ

રામાયણમાં અનેક પ્રેમભર્યા અને આદર્શ સંબંધો જોવા મળે છે, તે જોઈને આપણને એમ થાય કે સંબંધોમાં આટલો પ્રેમ કઈ રીતે હોય શકે ? એવા તે કેવા હિસાબ લાવ્યા હશે કે સંબંધો આટલા ગાઢ હોઈ શકે ?

આવું જ એક આદર્શ મિત્રતાનું ઉદાહરણ શ્રી રામ અને રાજા સુગ્રીવની દોસ્તીનું છે...

સુગ્રીવ વાનરોના રાજા હતા. જે સમયે તેઓ પોતાના ભાઈ વાલીથી ડરીને ઋષિમુખ પર્વત પર છુપાઈને રહેતા હતા, તે સમયે રાવણ સીતાજીને ઉપાડીને લઈ ગયા હતા. શ્રી રામ સીતાજીની શોધમાં આ પર્વત પાસે આવે છે, ત્યારે હનુમાનજી મળે છે અને તેઓ શ્રી રામની, રાજા સુગ્રીવ સાથે મુલાકાત કરાવે છે. પહેલી જ વાર એકબીજાને જોતાની સાથે જ ગાઢ મિત્રતા બંધાઈ જાય છે.

સુગ્રીવના ભાઈ વાલીએ એમનું રાજ્ય છીનવી લીધું હતું, તે શ્રી રામે પાછું અપાવડાવ્યું અને સુગ્રીવે પણ પોતાની વાનર સેના ચારે તરફ કામે લગાડીને સીતાજીનું ઠેકાણું શોધી કાઢ્યું. લંકા પહોંચવા, સેતુ બાંધવામાં પણ તેમની વાનરસેનાએ સહાય કરી. જ્યારે સુગ્રીવની સેના લંકા પાસે પહોંચી ત્યારે રાવણે સુગ્રીવને ‘સોનાની લંકામાંથી તને જે ચાહે તે આપી શકું છું’ કહી ખૂબ મોટા પ્રલોભન પણ આપ્યા, ‘જેણે તારા ભાઈને મારી નાખ્યો એને સાથ આપે છે ?’ કહીને ભડકાવવાનો પ્રયાસ પણ કર્યો. રાજા સુગ્રીવ એમના મિત્ર પ્રેમમાં જરાય ડગ્યા નહીં. રાવણ સાથે મહાયુદ્ધ થયું, યુદ્ધ જીતાડવામાં તેમણે મહત્વની ભૂમિકા નિભાવી અને અંતિમ સમય સુધી પોતાના મિત્ર રામ ભગવાનનો સાથ આપ્યો.

આમ, શ્રી રામ અને રાજા સુગ્રીવ નિર્મળ મિત્રતાને નાતે એકબીજાને કેવી સુંદર રીતે મદદ કરે છે ! આની પાછળ જોઈએ ને શું કારણ છે ?

**આની પાછળ એક રહસ્ય છે, ચાલો જોઈએ...**

ભગવાન રામ એમના પૂર્વ જન્મમાં મહાપુરનગરના નગર શેઠના પુત્ર પદ્મરુચિ હતા. પદ્મરુચિ એકવાર પોતાના ઘોડા પર બેસીને ગોકુળ તરફ જઈ રહ્યા હતાં, ત્યારે રસ્તામાં તેમણે એકદમ છેલ્લા શ્વાસ લઈ રહેલા એક ઘરડા બળદને જોયો. પદ્મરુચિને કરુણા ઉપજી અને પોતાના ઘોડા પરથી ઉતરીને બળદના કાનમાં મંત્ર બોલ્યા. જે સાંભળ્યા બાદ તરત જ બળદના પ્રાણ છૂટી ગયા. અંતિમ સમયે કાનમાં મંત્ર સાંભળવાથી મૃત્યુ પામેલા બળદની ખૂબ ઊંચી ગતિ થઈ અને એ જ મહાપુરનગરના રાજાના ઘરે કુંવર વૃષભધ્વજ તરીકે એનો જન્મ થયો.




આ રાજકુમાર વૃષભધ્વજને તેમના પૂર્વજન્મની ઘટના યાદ હતી કે કોઈ પુરુષે કરુણા કરીને મારા અંતિમ સમયે મંત્ર સંભળાવ્યો હતો અને એને પદ્મરુચિનો ચહેરો પણ યાદ હતો. પોતાના રાજ્યમાં એમણે એક મોટું દેરાસર બંધાવ્યું અને તે દેરાસરની દિવાલ ઉપર તેમના પૂર્વજન્મનો પ્રસંગ - ''ઘરડા બળદનો અંતિમ સમય અને એક શ્રેષ્ઠીએ ઘોડા પરથી ઉતરીને બળદને અંતિમ સમયે મંત્ર સંભળાવ્યો'' પેઈન્ટ કરાવ્યું.

એ સમયગાળામાં તો બધાનું આયુષ્ય હજારો વર્ષોનું હતું, એટલે પદ્મરુચિ હજી હાજર જ હતા. એકવાર પદ્મરુચિ આ નવા દેરાસરમાં ભગવાનના દર્શન કરવા આવે છે, ત્યારે આ પેઈન્ટીંગ જોતા જ એમને યાદ આવે છે કે આ તો મારી જ જિંદગીનો પ્રસંગ છે, મેં જ આવી રીતે મદદ કરેલી. પછી તેઓ મંદિરના રક્ષકોને તેના વિશે પૂછે છે અને રક્ષકો પદ્મરુચિનો, રાજકુમાર વૃષભધ્વજ સાથે મેળાપ કરાવે છે. બંનેને પૂર્વભવનો સંબંધ યાદ આવવાથી એકબીજા પર બહુ સ્નેહ થાય છે, બંને પછી સાથે શ્રાવક જીવન ગાળીને આગળના ભવમાં દેવલોકમાં જાય છે.

દેવલોકમાં જે પદ્મરુચિ હતાં, તે પછી રામ ભગવાનના રૂપે જન્મ લે છે અને વૃષભધ્વજ રાજકુમાર હતા, તે સુગ્રીવ રૂપે જન્મે છે. આ જન્મમાં જ્યારે રામ અને સુગ્રીવ તરીકે પાછા મળે છે, ત્યારે બંને વચ્ચે પાછી એવી જ ગાઢ મિત્રતા થઈ જાય છે અને આ જન્મમાં પણ છેલ્લે સુધી એકબીજાને મદદ કરતાં પોતાની મિત્રતા નિભાવે છે.

**આમ, આજના સંબંધો પાછળ ગૂઢ રહસ્ય હોય છે. પૂર્વ જન્મમાં ૠણાનુબંધના હિસાબે, જેમની સાથે જેવા હિસાબ બંધાયા હોય તેના આધારે આ ભવમાં પાછા ભેગા થાય છે. એટલે આપણા નજીકના, સાત્વિક, સત્સંગી / કુસંગી મિત્રો કે અન્ય સંબંધો હોય છે તે એમની સાથે જરૂર આપણો પણ પૂર્વભવનો કોઈક ને કોઇક સબંધ હશે જ. સમજાયું ને બધાને ?**



દાદાશ્રીના

# પુસ્તકની ઝલક

## ચિત્ત સંસારમાં એબ્સંટ, આત્મામાં પ્રેઝન્ટ !

> “ આ વિલાસી પુરુષ પાસેથી શો ઉપદેશ લેવાનો ?

**દાદાશ્રી :** જનક વિદેહીને જે જ્ઞાની પાસેથી જ્ઞાન પ્રાપ્ત થયેલું તે જ્ઞાનીના તપસ્વી પુત્રને અહંકાર આવ્યો કે ‘હું કંઈક છું.’ તે ઉતારવા ગુરૂદેવે પુત્રને કહ્યું કે ‘તું કંઈક ઉપદેશ લેવા જનકરાજાને ત્યાં જા.’ તે મુનિ તો ગયા રાજાને ત્યાં. ગુરૂદેવે જનક રાજાને પહેલેથી સૂચના આપી દીધેલી. મુનિ જ્યારે રાજમહેલમાં પ્રવેશ્યા ત્યારે તેમણે તો રાજવૈભવનો ભારે ઠઠારો જોયો. જનક રાજા સોનાના હિંડોળા ઉપર રાણીના ખભે હાથ મૂકીને મસ્તીમાં બેઠેલા હતા. મુનિએ તો આ જોયું ને તેમને મનમાં થયું, ‘આ વિલાસી પુરુષ પાસેથી શો ઉપદેશ લેવાનો ?’ છતાંય પિતાની આજ્ઞા હતી એટલે કંઈ બોલ્યા નહીં, ચૂપચાપ જેમ રાજા કહે તેમ કરતા ગયા. રાજાએ જમવા બેસાડ્યા, સોનાની થાળીઓ ને બત્રીસ જાતનાં ભોજન. મુનિ તો આસને બેઠા ને જરાક ઊંચી નજર ગઈ ત્યાં તો ધ્રાસકો પડ્યો ! ‘અરે, આ

શું ? માથા ઉપર ઘંટ લટકે છે ને તેય હમણાં પડું પડું થઈ રહ્યો છે !' રાજાએ કળા કરેલી, એક મોટો ઘંટ બરાબર મુનિના માથા ઉપર જ લટકાવેલો અને તેય સાવ પાતળી, નજરમાં ન આવે એવી પારદર્શક દોરીથી બાંધેલો. તે મુનિ તો બિચારા મહીં ગભરાઈ ગયેલા, જેમ તેમ જમ્યા. જમતાં જમતાં રાજા આગ્રહ કરે, પણ મુનિને તો જમવામાં ચિત્ત શાનું હોય ?

## એમનું ચિત્ત તો પેલા ઘંટમાં જ ચોંટેલું કે હમણાં પડશે તો મારું શું થશે ?

જમી રહ્યા પછી રાજાએ પાન આપતાં આપતાં પૂછ્યું, 'મહારાજ, ભોજન કેવું લાગ્યું ? કઈ વાનગી આપને સૌથી વધારે ગમી ?' મુનિ હતા ચોખ્ખા બોલા. તપસ્વીઓને કપટ - બપટની ભાંજગડ ના હોય, હોય માત્ર એક અહંકારની જ ભાંજગડ ! તેમણે તો જેમ છે તેમ કહી દીધું કે 'હે રાજા, સાચું કહું તમને ? આ માથા ઉપર ઘંટ લટકતો હતો તે મારું ચિત્ત તો ત્યાં જ ભયથી ચોટેલું રહ્યું હતું ને તેથી મેં શું ખાધું તે જ મને ખબર નથી.'

**ત્યારે જનક વિદેહી બોલ્યા, 'મહારાજ, આ જમ્યા ત્યાં તમારું ચિત્ત એબ્સન્ટ હતું, તેમ અમારું ચિત્ત સંસારમાં નિરંતર એબ્સન્ટ રહે છે ! આ વૈભવમાં અમારું ચિત્ત હોતું જ નથી. અમે અમારા સ્વરૂપમાં જ નિરંતર હોઈએ છીએ !' આવા હતા જનક વિદેહી !**

**આ પ્રસંગ સાથે જ નીરુમાની નિર્મોહી દશા દર્શાવતો એક સત્સંગ યાદ આવે છે...**



**''લાખો મહાત્માઓ સાથે પ્રશ્નોત્તરી સત્સંગ ચાલતો હોય અને મને મહાવિદેહનું તેડું આવે તો એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર અમે જવા તૈયાર જ હોઈએ.''**

# રામાયણના પાત્રોના ગુણો



## શ્રી રામ

આજ્ઞાકારી પુત્ર, એક પત્નીવ્રત ધરાવતા અને આદર્શ શાસક, વીરતામાં શ્રેષ્ઠ, ઋષિ મુનિઓ પ્રત્યે આદર સન્માન અને તેઓની સુરક્ષા, આત્મજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષે ગયા, પૂર્ણ પુરુષોત્તમ.

## લક્ષ્મણ

ઉત્તમ ભાઈ, ભગવાન રામ-સીતા માતા પ્રત્યે અજોડ સમર્પણ ભાવ, પરમ વિનય અને ઉત્કૃષ્ટ સેવા, નિ:સ્વાર્થ જીવન.





## ભરત

શ્રી રામ પ્રત્યે અપાર ભક્તિ, પ્રેમ અને લાગણીનો ધોધ.



## સીતા માતા

એક પતિવ્રતા, પવિત્રતાની પરાકાષ્ટા,
પતિ અને કુળની મર્યાદા દિપાવી.

## હનુમાનજી

અખંડ શુદ્ધ બ્રહ્મચર્ય, શ્રી રામ પ્રત્યે
અનેરી ભક્તિ અને સેવા, મોક્ષે ગયા.






## સુગ્રીવ

શ્રી રામના પરમ મિત્ર, પરાક્રમી
વાનર રાજા, વચન પ્રતિબધ્ધતા.

## અંગદ

વિનય, વિવેક અને શૂરવીતાનું
અજોડ કૉમ્બિનેશન.





## શબરી

શ્રી રામ પ્રત્યે અનન્ય ભક્તિ,
રાત-દિવસ વિરહમાં રહેતાં, પ્રભુ
રામના મિલનથી પૂર્ણતાને પામ્યા.



## વિભીષણ

રાક્ષસી કુળમાં જન્મ્યા છતાં ધર્મનો સંગ સ્વીકાર્યો,
પોતાના ભાઈને પણ ખોટા કામમાં સહકાર નહીં.

## જટાયુ

રાવણ સાથે લડીને સીતા માતાને
બચાવવાનો બહાદુરી ભર્યો પુરુષાર્થ.






## રાવણ

શુરવીર અને પરાક્રમી રાજા. ઘણી બધી
મહાન વિદ્યાના જાણકાર. મહાજ્ઞાની અને
આવતી ચોવીશીના ભાવિ તીર્થંકર.

## ગુરુ વશિષ્ઠ

પ્રાચીન કાળમાં થયેલ સપ્તર્ષિઓમાંના એક ઋષિ,
ઋગવેદ લેખનમાં મહત્વનું યોગદાન, શ્રી રામને સલાહ
સૂચન આપનાર રાજશ્રી, પિતાની ગેરહાજરીમાં શ્રી
રામ એમની આજ્ઞા લેતા અને શ્રી રામને જીવનનું
બોધજ્ઞાન તથા આત્મજ્ઞાન આપનાર ઋષિ.






## જનક રાજા

ખૂબ ડહાપણવાળા વ્યક્તિ, નમ્ર અને સમ્યક્ બુદ્ધિ ધરાવતા. રામ, લક્ષ્મણ અને ભરતને અલગ અલગ સમયે યોગ્ય નિર્ણય લેવામાં સહાય કરવાની મહત્વની ભૂમિકા.

## લવ-કુશ

મહર્ષિ વાલ્મિકિના માર્ગદર્શનમાં તેમની ટ્રેનિંગ અને વેદનું શિક્ષણ, હંમેશાં માતા અને ગુરુના ઉત્તમ વિનયમાં, નાની વયે યુદ્ધ કૌશલ્ય વિદ્યામાં સઘળી કુશળતા પ્રાપ્ત કરનારા મહાન યોદ્ધાઓ.






## કૈકેયી

ક્ષત્રિયાણી, પોતાની આંગળી રથના પૈડામાં ભરાવી યુદ્ધ જીતવામાં દશરથ રાજાને મદદ કરી. ઉત્તમ કક્ષાનો પશ્ચાતાપ.

## વાલ્મિકિ ઋષિ

રામાયણ કાવ્ય રચયિતા, આદિ કવિ, સક્ષમ ગુરુ, ત્રિકાળ દર્શી, સીતાને શરણું આપ્યું, લવ-કુશને વેદ અને યુદ્ધ કૌશલ્ય વિદ્યામાં પારંગત કરનાર.





## ઉર્મિલા

લક્ષ્મણની પત્ની, રામ-સીતાની સેવા માટેની અનુમોદના આપી અને ખૂબ મોટો ત્યાગ.

# Tech Help

## મહાત્માઓ માટે નિઃશુલ્ક ટ્રેનીંગ



## zoom બેઝીક
### One Hour ટ્રેનીંગ

- વિડીઓ ON/OFF
- MUTE / UNMUTE
- નામ બદલવું
- હાથ ઉંચો / નીચો કરવો
- ચેટ કરો everyone / privately

**આપણે યુવાનો તો zoomથી પરિચિત છીએ જ, પણ આપણા મિત્રો, વડીલો અને રીલેટીવ જેમને zoom સત્સંગ સાથે જોડાવામાં તકલીફ પડે છે, તેમને આજે જ Register કરાવો...**

**To Register, visit...**
techhelp.dadabhagwan.org

For any Queries / Suggestions
Email : techhelp@dadabhagwan.org
Call : +91 8155007500 / +91 9328661166/77

# #કવિતા

સદ્ગુણો જો તારવો, રામાયણ સાગરમાં ન સમાય;
હરેક પાત્ર એક ગ્રંથ છે, કોઈને બાકી ન રાખી શકાય.

શ્રી રામ–સુગ્રીવ તણી, ચોખ્ખી મિત્રતા જાણે દર્પણ છે;
મિત્રતા કંઈ નથી માંગતી, તોયે સર્વસ્વ સમર્પણ છે.

દેહબળ તો સહુ જુએ, સર્વોચ્ચ અંગદનું મનોબળ છે;
લાલચ કોઈ લલચાવી ન શકે, અંગદ યોદ્ધા પ્રબળ છે.

માનવામાં ન આવે કે, શત્રુદળમાં એક ભક્ત રહે છે;
જ્યાં કાદવમાં કમળ સમાન, કોઈ વિભિષણ પણ છે.

સજ્જનતા દાખવી શકો જો, સંરક્ષણનું વરદાન છે;
પ્રભુને હૈયે રાખો, તો દરેક સ્થળ મંદિર સમાન છે.

રામાયણ શીખવતી રહેશે, જ્યાં સુધી તમારી તૈયારી છે;
જ્યારે વાંચો ત્યારે, રામાયણ એક નવી જ સવારી છે.

દાદાના યુવાનો દ્વારા

વર્ષ: ૮, અંક : ૮
સળંગ અંક : ૯૨
ડિસેમ્બર ૨૦૨૦

Date of Publication 22nd of every month
RNI No. GUJGUJ/2013/53113
Reg. No. G-GNR-310/ valid upto 31.12.2022
Licensed to Post without Pre-payment
No. PMG/HQ/104/2020-2022
valid upto 31.12.2022
Posted at Adalaj Post Office on
22nd of every month



**રામ પુરુષોત્તમ કહેવાય;**
**કારણ કે રામ મોક્ષે ગયા,**
**રામ પરમાત્મા થઈ ગયા.**

Send your suggestions and feedback at: akramyouth@dadabhagwan.org
Printed and Published by Dimple Mehta on behalf of Mahavideh Foundation-Owner.
Printed at : Amba Offset, B-99, GIDC, Sector-25, Gandhinagar – 382025.